# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **રાજ્યમાં ચાર દિવસ ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી વચ્ચે રાહત અને બચાવ કાર્ય કરવા તંત્રને મુખ્યમંત્રીએ નિર્દેશ આપ્યા.**
2. **ભાવનગર, અમરેલી અને અન્ય વરસાદગ્રસ્ત વિસ્તારોમાંથી તંત્ર દ્વારા 170થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડાયાં.**
3. **સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશની જાહેરાત , સાતમી ફેબ્રુઆરી, 2026ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરાશે.**
4. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર છઠપૂજામાં સહભાગી થયા.**
5. **એકતાનગર ખાતે સરદાર પટેલની 150મી જન્મજયંતીની ઉજવણી દરમિયાન વિવિધ બેન્ડ અને દસ જેટલા ટેબ્લો રજૂ કરાશે.**

------------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યમાં કમોસમી વરસાદ અને વાતાવરણમાં આવેલા પલટાથી ઉભી થયેલી પરિસ્થિતિ અંગે રાજ્યના જિલ્લા કલેક્ટરો તથા સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સતત સંપર્કમાં રહીને જિલ્લાઓની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

મુખ્યમંત્રીએ રાજ્ય મંત્રીમંડળના વરિષ્ઠ મંત્રીઓને આ કમોસમી વરસાદથી વધુ પ્રભાવિત જિલ્લાઓમાં તાત્કાલિક અસરથી પહોંચીને જિલ્લા વહીવટી તંત્રને પરિસ્થિતિને પહોંચી વળવાનું માર્ગદર્શન આપવાના દિશાનિર્દેશો આપ્યાં છે.

મુખ્યમંત્રીના દિશાનિર્દેશો અનુસાર કૃષિ મંત્રી જીતુ વાઘાણી ભાવનગર, આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલ તાપી, વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયા તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજા જૂનાગઢ અને ગીર સોમનાથ તેમજ રાજ્યમંત્રી કૌશિક વેકરિયાને અમરેલી પહોંચવાના આદેશ આપ્યા છે.

---

# WEATHER

હવામાન વિભાગ દ્વારા આજથી ચાર  દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. 29, 30 અને 31 ઓક્ટોબરના રોજ પણ ઓરેન્જ એલર્ટ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આગામી દિવસોમાં 30થી 40 કિલોમીટર ઝડપે પવન ફૂંકાશે તેમ હવામાન વિભાગના વડા ડૉક્ટર એ.કે.દાસે જણાવ્યું હતું.

# બાઇટ- ડૉક્ટર એ.કે.દાસ.હવામાન વિભાગના વડા

---

## DISTRACT RAIN

રાજ્યભરમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ત્યારે ગીર સોમનાથમાં કમોસમી વરસાદને લઈ ખેડૂતોની મુશ્કેલી વધી છે અને કોડીનાર પંથકમાં 24 કલાકમાં 4 ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. કેબિનેટ મંત્રી ડો. પ્રદ્યુમન વાજા આજે અનેક અસરગ્રસ્તોની મુલાકાત લઇ વહીવટી તંત્ર સાથે બેઠક કરશે. આ અંગે સાંભળિયે અમારા પ્રતિનિધિનો અહેવાલ....

## (ગીર સોમાનાથ વોઈસ કાસ્ટ)

પાટણ શહેરમાં વરસેલા વરસાદને પગલે શહેરના નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાય જતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. રેલ્વે નાળું વરસાદમાં ભરાય જતા લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે છેલ્લા બે દિવસ સતત વરસાદ વરસી રહ્યો છે ત્યારે દીવ ફિશરીઝ વિભાગ દ્વારા માછીમારો , બોટ માલિકો, ફિશરમેન એસોસિએશનને 30 ઓક્ટોબર સુધી દરિયો નહિ ખેડવા માટે સૂચન કરવામાં આવ્યું છે. 40 થી 60 ની ઝડપે પવન ફૂકાવાની શક્યતાને પગલે માછીમારોને પરત બોલાવી લેવામા આવ્યા છે.

નવસારી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી સાર્વત્રિક વરસાદ પડી રહ્યો છે. ગઈકાલે પડેલા વરસાદમાં નવસારી અને ગણદેવીમાં 40 મીમી , જલાલપોરમાં 56 મીમી , ચીખલીમાં 30 મીમી, વાંસદામાં 32 મીમી અને ખેરગામમાં 61 મીમી વરસાદ પડ્યો હતો.

---

## AMRELI RESCUE

રાજ્યમાં પડેલા કમોસમી ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાય ગયું છે. તો ઘણી જગ્યા પર દુર્ઘટના પણ સર્જાય છે. અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે રામતલિયુ નદી પાસેના રાભડા-કણકોટ જવાના રસ્તાની બાજુમાં આવેલી દિવાલ તૂટી જતા રસ્તાનો મોટો ભાગ ધોવાઈ ગયો હતો. પોલીસે બંને તરફ બંદોબસ્ત ગોઠવીને વાહનવ્યવહારને સુરક્ષિત રીતે નિયંત્રિત કર્યો હતો.

તો રાજુલા તાલુકા સહિતના વિસ્તારમાં ભારે વરસાદના પગલે વહીવટી તંત્ર એલર્ટ મોડ પર કામ કરી રહ્યું છે , ભારે વરસાદના રાજુલા તાલુકાના પાંચ જેટલા ગામો અસરગ્રસ્ત બન્યા છે. વહીવટી તંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે રાજુલાના ઉચૈયા અને ભચાદરમાંથી 50-50 અને ધારાનાનેસ ગામેથી ૭૦ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.

---

## ARJUN MODHWADIA CHARGE

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા તથા અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણ સોલંકીએ સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર ખાતે પૂજન-અર્ચન બાદ હોદ્દાનો વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો. મંત્રી અર્જૂન મોઢવાડિયાએ ચાર્જ સંભાળ્યા બાદ કહ્યું કે , તેઓ તેમને સોંપવામાં આવેલી જવાબદારીને સુપેરે નિભાવશે.

### બાઇટ- અર્જૂન મોઢવાડિયા, કેબિનેટ મંત્રી

આ ઉપરાંત કૃષિ રાજ્ય મંત્રી રમેશ કટારાએ તથા આદિજાતિ રાજ્ય મંત્રી પી.સી. બરંડાએ પણ ગઇકાલે સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે ભગવાનની પૂજા-અર્ચના બાદ હોદ્દાનો ચાર્જ સંભાળ્યો હતો.

મંત્રીઓએ ચાર્જ સંભાળ્યો તે પ્રસંગે વિવિધ પદાધિકારી-અધિકારી અને કર્મચારીઓ સહિત અનેક શુભેચ્છકોએ તેમને શુભેચ્છા પાઠવી હતી.

---

## MATDAR YADI SUDHARNA -SIR

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR)ની જાહેરાત ચૂંટણી પંચે કરી છે. આ અંતર્ગત સાતમી ફેબ્રુઆરી, 2026ના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરાશે.

SIRના વિવિધ તબક્કાઓ અનુસાર ચોથી નવેમ્બરથી ચાર ડિસેમ્બર દરમિયાન બૂથ લેવલ ઓફિસર્સ ઘરે ઘરે ફરીને મતદારો પાસે એન્યુમરેશન ફોર્મ ભરાવશે. ત્યારબાદ નવમી ડિસેમ્બરના રોજ હંગામી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

નવમી ડિસેમ્બર 2025થી આઠમી જાન્યુઆરી સુધી સુધારા માટેનો દાવો નાગરિકો કરી શકશે. 31મી જાન્યુઆરી 2026 સુધી જિલ્લા ચૂંટણી અધિકારી તથા મુખ્ય ચૂંટણી અધિકારી દાવાઓની સુનાવણી તથા પ્રમાણિકરણ કરશે. આ સમગ્ર પ્રક્રિયાના અંતે સાતમી ફેબ્રુઆરીના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

આગાઉ થયેલ SIRને અનુસંધાને પહેલી જાન્યુઆરી 2002ની લાયકાત યોગ્ય ગણવામાં આવશે. નાગરિકતાના પુરાવા તરીકે ભારતીય પાસપોર્ટ અને જન્મના પ્રમાણપત્ર સહિતના વિવિધ 12 દસ્તાવેજો માન્ય ગણાશે.

---

## CM ATTENDS CHHATH MAHAPARV

અમદાવાદના રિવરફ્રન્ટ પર છઠ પૂજા ઘાટ પર મોટી સંખ્યામાં ઉત્તર ભારતીય લોકો દ્વારા છઠપૂજન કરાયું હતું. આ પૂજામાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યા હતા.

છઠપૂજામાં હાજર રહી શ્રી પટેલે તમામ લોકોને દીપોત્સવની શુભકામનાઓ પાઠવી જણાવ્યું કે , ગુજરાત અને બિહારનો સંબંધ આદિકાળથી ખાસ રહ્યો છે બિહાર બુદ્ધની ભૂમિ છે, તો ગુજરાતમાં બૌદ્ધની વિરાસતનું જતન થયું છે.

પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર છઠ પૂજાને યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતની યાદીમાં સામેલ કરવા પ્રયાસરત છે. આ પ્રસંગે અમદાવાદના ધારાસભ્યો, મેયર સહિત અનેક પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

---

## SOU EKTA DIWAS TAIYARI

સરદાર પટેલની જન્મજ યંતિની એકતાનગર ખાતે આગામી 30 અને 31 ઓક્ટોબરના દિવસે ઉજવણી થનાર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી થનાર છે. આ દિવસ દરમિયાન વિવિધ બેન્ડ દ્વારા રજૂઆત કરાશે.

અલગ અલગ રાજ્યોમાંથી પણ બેન્ડ આ ઉજવણીમાં ભાગ લેશે. આ પરેડ દરમિયાન દસ ટેબ્લોનુ નિદર્શન કરાશે તેમ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યુ હતું.

## બાઇટ- વિકાસ સહાય, ડીજીપી, ગુજરાત